# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 5 •• August, 2004



F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com


# જૈન ઈતિહાસના તેજસ્વી તારલા

## જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ

જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલ 'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જય જિનેન્દ્રના અનેક શુભેચ્છુઓની ઉપસ્થિતિમાં આ પરિણામની જાહેરાત કરવામાં આવી હતી.

પ્રારંભમાં પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે મંગલાચરણ કરીને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને આ પ્રકારની પરીક્ષા લેવા પાછળના હેતુઓ ઉપર પ્રકાશ પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગત એપ્રિલ માસના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓ માટે 'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' એ શીર્ષક હેઠળ એક પ્રશ્નપત્ર રિલિઝ કરવામાં આવ્યું હતું, જેમાં જૈન ધર્મ અને જૈન ઈતિહાસમાં અમર બની ગયેલા ચતુર્વિધ સંઘના વિશિષ્ટ પાત્રોને કેન્દ્રમાં રાખીને સો પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

આ આખું પ્રશ્નપત્ર ઑબ્જેક્ટિવ પ્રકારનું હતું અને દરેક પ્રશ્નની સાથે ચાર ચાર સંભવિત વિકલ્પો આપવામાં આવ્યા હતા. એમાંથી જ કોઈ એક સાચો જવાબ પસંદ કરવાનો હતો. મજાની વાત એ હતી કે આ પ્રશ્નપત્રના ઉકેલ માટે બે મહિના જેટલો લાંબો સમય પણ આપવામાં આવ્યો હતો અને પુસ્તકોનો ઉપયોગ કરીને ઘર બેઠાં જ આખું પ્રશ્નપત્ર ભરવાનું હતું.

આ પરીક્ષાનું સૌથી આકર્ષક પાસું તેનું ભવ્ય ઇનામ હતું. સોએ સો પ્રશ્નોના સાચા ઉત્તર આપનાર પરીક્ષાર્થી માટે જૈનોના સુપ્રસિદ્ધ તીર્થ સમ્મેતશિખરની યાત્રાનું ભવ્ય બંપર ઇનામ હોવાના કારણે જૈનસમાજમાં આ પ્રશ્નપત્ર ભરવા માટે ખૂબ જ ઉત્સુકતા જાગી હતી અને ભારતભરમાંથી આ પ્રશ્નપત્રો મેળવવા માટે વિનંતીપત્રોનો ખડકલો થઈ  ગયો હતો.

આ પરીક્ષામાં અચરજની વાત એ બની હતી કે જૈનધર્મ પ્રત્યે આસ્થા ધરાવનાર જૈનેતર વર્ગમાંથી પણ અનેક પુણ્યવાનોએ પ્રશ્નપત્રો ભર્યાં હતાં. જય જિનેન્દ્ર દ્વારા તેમને ખૂબ જ ઉદારતા પૂર્વક પરીક્ષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવી હતી. વધુ વિગતો અંદરના પાને.

# કે. કા.ના શતાયુ પ્રવેશની ઊજવણી આવી ફિક્કીફસ્સ કેમ?

ગુજરાત જેમના જેમના કારણે પોતાનું માથું ઊંચું રાખી શકે છે તેમાંના એક કે. કા. શાસ્ત્રી પણ છે. કે. કા. એટલે કેશવરામ કાશીરામ. શાસ્ત્રી તો એ પાછળથી કહેવાયા. મૂળમાં એ બાંભણીયા.

કે. કા.નું અને આપણું એક યુગમાં, એક ક્ષેત્રમાં, એક સાથે હોવું એ એક પરમ સદ્ભાગ્ય છે. ગુજરાતના મૂર્ધન્ય અને ન ભૂતો ન ભવિષ્યતિ જેવા સારસ્વત પુરુષ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના યુગમાં જીવવાનું સૌભાગ્ય તો આપણને ન મળ્યું, પરંતુ કે. કા.ની હયાતી વખતે આપણી હયાતી છે એ કંઈ જેવી તેવી ઘટના નથી. કે. કા. જેવા સો વરસના ડોસાને માઇક સામે ગરજતા જોયા પછી ગલીના નાકે લારી ઉપર ઊભા રહીને આખી દુનિયાની ગંદકી પેટમાં પધરાવનારા ચાલીસ વરસે હાંફી જનારા પકોડાપ્રેમી પાઉંભાજીપ્રેમી પીઝાપ્રેમી પાણીપુરીપ્રેમી અને ભેળપુરીપ્રેમી ગુજરાતી જુવાનને જોઈને આપણને શરમ આવે છે.

દૂર પાકિસ્તાનમાં ખાટલામાં ખાંસતા રહીને મરવાના વાંકે જીવતા કોઈ ડોસાએ જાણે બહુ મોટું પરાક્રમ કરી નાખ્યું હોય તેમ આખું મિડિયા તેની ખબર લેવા પહોંચી જાય અને હાથમાં માઇક થમાવી દે : *ચાચુ, તમે સો વરસ જીવ્યા તેનું રહસ્ય શું છે?* મને ઘણીવાર અળવીતરો (સ્વભાવ જ એવો!) વિચાર આવે છે : સંસ્કાર પુરુષ ઉમાશંકર જોષી, પત્રકાર શિરોમણિ વાસુદેવ મહેતા, બાળસાહિત્યના પિતામહ જીવરામ જોષી, કલાગુરુ રવિશંકર રાવળ જો ગુજરાતની બહાર જન્મ્યા હોત તો? તો આખું ભારત એમનાં ચરણોમાં આળોટતું હોત. અને એ બધા જો અમેરિકામાં જન્મ્યા હોત તો? તો એમનાં પુસ્તકો 'ઇમ્પોર્ટ પ્રેમી' ગુજરાતીઓ ઈમ્પોર્ટ કરીને હોંશે હોંશે વાંચતા હોત અને નોબેલ પ્રાઇઝો, ટેમ્પલ્ટન એવોર્ડો, બૂકર પ્રાઇઝો તેમનાં ચરણોમાં આળોટતાં હોત.

વેશ્યાઓને સારી કહેવડાવે તેવીઓના ફોટા ખીસામાં રાખનાર અને પોતાના રૂમમાં ટાંગનાર અને તેની એક ઝલક માટે તલસતા (સપનામાં સ્તો!) આજના જુવાનને 'કે. કા.' એટલે શું તે નહીં સમજાય.

હેરી પોટર અને પોકીમેન પાછળ દિવાના થનારાઓને પૂછો તો ખરા કે તમે કોઈ દિવસ 'વનૌષધિ કોષ' જોયો છે ખરો? બાય ધ વે, આ ગ્રંથ કે. કા. શાસ્ત્રીનો છે અને એ લેટિન અને અંગ્રેજી સહિત દશ ભાષામાં છે! અને બહુ મજાની વાત એ છે કે આ ગ્રંથ તૈયાર થયો તેના મૂળમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનો વનસ્પતિ કોષ છે!

કારણ ગમે તે હોય, ગુજરાતના સરસ્વતીપુત્ર કે. કા. શાસ્ત્રીના '૧૦૦'મા વરસની ઊજવણી ઉત્સવપ્રેમી ગુજરાતી પ્રજાના મૂડને અનુરૂપ તો નથી જ, એટલું જ નહીં, એ તદ્દન ફિક્કીફસ્સ પણ છે.

## સમય ચિંતન

ધર્મ વિષયક મતભેદોની ચર્ચા વિચારણા પક્ષપાત રહિત બુદ્ધિથી કરવામાં આવે તો ક્યારે પણ શ્રદ્ધા ઘટે નહિ, પણ ઉપરથી ધર્મની શ્રદ્ધા મજબૂત થાય. જેણે સત્ય પામવું હોય તેણે ચર્ચા, વાદ, વિવાદ કે મતભેદોથી ડરવું ન જોઈએ.

**– પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ**


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૫
સળંગ અંક ૨૯
ઑગસ્ટ, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

# આપનો પત્ર મળ્યો

જે કંઈ બળે છે તે જૈનશાસનનું બળે છે મારૂં કંઈ બળતું નથી (જય જિનેન્દ્ર અંક ૨૭) એ લેખમાંના કટાક્ષોને વ્યાપક રૂપે સમજવામાં આવે તો આંખોમાં પાણી આવી જાય તેમ છે. દેશમાં જેમ હિન્દુઓ ઉપર આક્રમણ થાય ત્યારે મુસ્લિમો નિર્લેપ રહે છે અને મુસ્લિમો ઉપર આક્રમણ થાય ત્યારે હિન્દુઓ નિર્લેપ રહે છે એના જેવી વાત થઈ. ભારતીયો ઉપર આક્રમણ થાય છે એમ ઝટ સ્વીકારવામાં આવતું નથી. જૈનોના વિવિધ ફિરકાઓ, વિવિધ ગચ્છો અને વિવિધ સમુદાયો આ દૃષ્ટિકોણથી જ વિચારે છે. આ માનસિકતા લાંબા ગાળે જૈનશાસન માટે હાનિકારક થઈ શકે છે. સૌ કોઈને સદ્‌બુદ્ધિ મળે એવી પ્રાર્થના કરવા સિવાય આપણે કરી પણ શું શકીએ!



જૈન ધર્મથી લાગતા વળગતા શબ્દોનું જ્ઞાન આપો છો તે બહુ જ સારી વાત છે. અમુક રૂઢ શબ્દો જાણીતા હતા પણ એના અર્થની પહેલી વાર ખબર પડી. ઇન્દ્રિયોની વિકલતા અંગેના સ્પષ્ટીકરણથી ઘણી ગેરસમજણો દૂર થઈ. દર અંકે સ્પર્ધાનું આયોજન સારી બાબત છે પણ એમાંથી ઇનામોની ખટપટ કાઢી નાખવી જોઈએ. જેને માત્ર જ્ઞાનની બુદ્ધિથી જવાબો મોકલવા હોય તો મોકલે, નહીં તો કાંઈ નહીં એવું રાખવું જોઈએ.

**પીતામ્બરદાસ શાહ** (દાદર, મુંબઈ)

તમારૂં સામયિક કોઈ ચોક્કસ વ્યક્તિની પાછળ પડી ગયું હોય તેમ લાગે છે. કારણ કે તમારા લેખોમાં તમે અમુક ચોક્કસ વ્યક્તિને નિશાન બનાવતા હો એવી છાપ ઊભી થાય છે. શુદ્ધ આત્મજ્ઞાન પીરસવું અને શુદ્ધ દર્શન પ્રાપ્ત કરાવવું એવો આપણા જૈન સામયિકોનો ધર્મ અને ઉદ્દેશ હોવો જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રજીની સંસ્થાઓ આવા પ્રકારનું સાહિત્ય પ્રકાશિત કરે છે તેમાંથી તમારે બોધ લેવો જોઈએ.

**સુધાકર શાહ** (સુરત)

જ્યારે કોઈ ચોક્કસ ટોપિક ઉપર અંક બહાર પાડો ત્યારે તેમાં આવતા નિયમિત વિભાગ બંધ ન રાખવા જોઈએ. મારી આ વિનંતી ઉપર વિચાર કરશો. ખાસ કરીને શબ્દજ્ઞાન જેવા વિભાગો જૈન ધર્મના સાચા ચહેરાનું દર્શન કરાવે છે. તે તો બંધ ન જ રાખવા.

**ડૉ. છાયા રાઠોડ** (વડોદરા)

આપકી પત્રિકા હમ સબ પરિવાર જન મિલકર પઢ઼તે હૈં. ઇસકે પન્ને થોડે બઢ઼ાને કી જરૂરત મહેસૂસ હોતી હૈ. કુછ ઔર વિભાગ ભી શામિલ કરને ચાહિએ. જૈસે મહિલાઓં કા વિભાગ, યુવાજગત આદિ.

**શુભરાજ મેહતા** (જયપુર)

જૈનશાસનમાં જે કંઈ અનિચ્છનીય બની રહ્યું છે તે બેશક ચલાવી લેવાય તેવું નથી જ અને આપની વ્યથા પણ સાચી જ છે પરંતુ આ એક નિયતિ જ છે. કેમ કે સ્વયં ભગવાન આ વસ્તુ કહી ગયા છે અને એ મિથ્યા થવાનું કોઈ કારણ નથી, આથી આવું બધું તો ચાલ્યા જ કરવાનું. ફળ મળે કે ન મળે, આપ નિષ્કામ ભાવે આ પ્રવૃત્તિ ચાલુ રાખશો.

**વિકાસ ભંડારી** (સિરોહી)

# ધાર્મિક જ્ઞાન : આપણું સ્થાન ક્યાં છે?

'જૈન ઇતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષાના પરિણામ અવસરે પૂજનીય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ સાથે થયેલી વાતચીતના અંશો.

***આ પ્રકારની પરીક્ષાઓ લેવા પાછળનો મકસદ શું છે?***

લોકો સ્વાધ્યાયમાં જોડાય એ મુખ્ય હેતુ છે. આજે જૈનોમાંથી જ્ઞાનમાર્ગ ભૂંસાતો જાય છે. જૈનોમાંથી અધ્યયન અને સ્વાધ્યાયનું પ્રમાણ ચોંકાવનારી હદે ઘટી ગયું છે. એ દિશામાં લોકોને વાળવા એ ભાવનાથી આ પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરતા રહીએ છીએ.

***આ હેતુ પાર પડતો હોય તેમ લાગે છે ખરૂં?***

કમ સે કમ એક વાર તો, ભલે ને પ્રશ્નપત્ર સૉલ્વ કરવાની ગણતરીથી, પરીક્ષાર્થીને પુસ્તક તો વાંચવું જ પડવાનું. એટલા અંશે તો અમારો હેતુ સર્યો જ. વળી જો વાંચનમાં રસ જાગે તો આગળ ઉપર એ સિલસિલો ચાલુ પણ રહી શકે છે. અમારી ઉપર આવતા પત્રો ઉપરથી એ વાત સાબિત થાય છે કે ઘણા પુણ્યવાનો આ પ્રકારની પરીક્ષાઓ પછી જ્ઞાનના માર્ગે વળ્યા છે.



***મોટાં મોટાં ઇનામો જ્ઞાનરુચિ જગાડવાના બદલે લાલચ જગાડવાનું કાર્ય કરે છે એવું નથી લાગતું?***

ના. લાલચથી દોરવાઈ જનારો વર્ગ બહુ નાનકડો હોય છે. અને ઇનામો આપવાં એ હકીકતે તો એમણે કરેલા પુરુષાર્થનું બહુમાન છે. અમારી પરીક્ષાઓમાં સંપન્ન ઘરના લોકો પણ ઘણી મોટી સંખ્યામાં જોડાય છે. એમને આવી લાલચો અસર ન જ કરે. ઇનામોને જો લાલચ ગણાવીએ તો આપણાં દરેક શુભ કાર્યોમાં પ્રભાવના આપવી તે પણ લાલચ કહેવાશે. હકીકતે જ્ઞાનના માર્ગે આગળ વધે તેનું બહુમાન કરવું તેવી જ્ઞાનીઓની આજ્ઞા છે અને અમે તેનું પાલન કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

***ઇનામોનું આયોજન કરવા માટે શું વ્યવસ્થા છે?***

મોટા ભાગે તો અમારે કોઈ ઇચ્છા દર્શાવવી નથી પડતી. કદરદાન અને ભાવનાશીલ પુણ્યવાનો અમને સામેથી કહે છે કે આવાં કાર્યોમાં અમને લાભ આપશો. મુંબઈની એક સંસ્થાએ અમારા આ કાર્યથી પ્રેરાઈને અમને સામેથી ડોનેશન મોકલ્યું હતું. જ્યારે જ્યારે અમે આ પ્રકારની પરીક્ષાઓનું આયોજન કરીએ છીએ ત્યારે ત્યારે સામેથી પુણ્યવાનો મળી આવે છે, જેઓ આવાં કાર્યોમાં લાભ લેવા પડાપડી કરે છે.

***પરીક્ષાર્થીઓ તરફથી કેવા પ્રતિભાવો મળે છે?***

ન ધાર્યા હોય તેવા. મોટા ભાગના પરીક્ષાર્થીઓનું સંવેદન એવું હોય છે કે આવી પરીક્ષાઓના કારણે અમને નવાં નવાં પુસ્તકો વાંચવા - જોવાનો અવસર મળ્યો અને આ નિમિત્તે અમને સ્વાધ્યાયની તક મળી. આ વખતે તો અમને પૂજનીય ગુરુ ભગવંતો તરફથી પણ પ્રોત્સાહક પ્રતિભાવો મળ્યા.

***પરીક્ષાર્થીઓનો પરફૉર્મન્સ કેવો હોય છે?***

ટકાવારીની રીતે જોઈએ તો સામાન્ય રીતે સંતોષજનક. પણ ઊંડાણની રીતે જોઈએ તો અનુ-

*આપણે પાઠશાળાઓને દેરાસર જેવો દરજ્જો આપવો પડશે. આજની પાઠશાળા ઉપર જ આવતીકાલનાં દેરાસરોનો આધાર છે.*

ભવ એવો છે કે આપણો સમાજ અભ્યાસમાં ઘણો કાચો છે.

***એ કેવી રીતે?***

જૈન ઈતિહાસ, ધર્મ, દર્શન, તત્ત્વ વગેરે પાયાની બાબતોનું આજના જૈનોનું જ્ઞાન ઘણું કાચું છે. મૂર્તિપૂજક સંપ્રદાયના લોકો દેરાસરો તો બાંધી જાણે છે પરંતુ તેમાં બેઠેલા તીર્થંકરોના ધર્મ વિષે ઘણું ઓછું જાણે છે. આ ખામી દૂર કરવાના ઉપાયો જરૂરી છે.

***આ ખામી કેવી રીતે દૂર કરી શકાય?***

આ માટે જૈનોએ પોતે સજાગ બનવું જોઈએ. કંટાળાજનક પદ્ધતિથી ચાલતી આજની પાઠશાળાઓના સંચાલનમાં પાયાના ફેરફાર કરવા જોઈએ, આવી જાહેર પરીક્ષાઓ ખૂબ મોટા પ્રમાણમાં અને વારંવાર યોજાવી જોઈએ. એક આખી પેઢીને ધાર્મિક શિક્ષણનું નુકસાન થયું છે તે ભૂલ સુધારી લેવી જોઈએ. બીજા પણ ઘણા ઉપાયો વિદ્વાન મુનિવરો પાસેથી જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણે પાઠશાળાઓને દેરાસર જેવો દરજ્જો આપવો પડશે. આજની પાઠશાળા ઉપર જ આવતી કાલનાં દેરાસરોનો આધાર છે.

***હવે પછીની પરીક્ષા અંગે કંઈ કહેશો?***

અત્યારે કંઈ વિચાર્યું નથી પણ ભાવના એવી છે કે એક વાર સબ્જેક્ટિવ પરીક્ષા લેવી. જેમાં પરીક્ષાર્થી પોતાની જાતે જ જવાબ શોધવાની કોશિશ કરે. ઑબ્જેક્ટિવ પ્રકારની પરીક્ષા કરતાં એ થોડું અઘરૂં તો છે, પરંતુ વિદ્યાર્થીની સાચી કસોટી તો એમાં જ છે. બહુ નક્કી નથી પરંતુ અમારી આગામી પરીક્ષા કદાચ એ રીતની પણ હોઈ શકે. ભૂતકાળમાં અમે આ પ્રકારની પરીક્ષાઓ લીધેલી પણ છે.

***અત્યાર સુધીમાં કેટલી પરીક્ષાઓનું આયોજન થયું હશે?***

આ અઠ્ઠાવીશમી જાહેર પરીક્ષા છે. બાકી જે તે ક્ષેત્રોમાં જે તે ક્ષેત્ર પૂરતી મર્યાદિત પરીક્ષાઓ તો ઘણી જ લેવાઈ ચૂકી છે એનો આંકડો યાદ કરવો મુશ્કેલ છે.

***કોઈ યાદગાર પરીક્ષા?***

આજથી દસેક વર્ષ અગાઉ પંચ પ્રતિક્રમણને વિષય બનાવીને અમે લીધેલી પરીક્ષા એ અમારૂં યાદગાર સંભારણું છે. એ પરીક્ષામાં ભારતભરમાંથી સાડાચાર હજાર ઉપરાંત પરીક્ષાર્થીઓ જોડાયા હતા. એ અદ્‌ભુત પરીક્ષા કદી વિસરી શકાય તેમ નથી! એ પરીક્ષા આપી ચૂકેલાઓ પણ તેને ભૂલી શકે તેમ નથી.

*ગયા વખતે અમારા દ્વારા લેવાયેલી પરીક્ષા વખતે જય જિનેન્દ્રમાં લખવામાં આવ્યું હતું તે આ વખતે પણ પ્રાસંગિક રીતે એટલું જ ઉપયોગી હોવાથી ફરી જણાવી રહ્યા છીએ કે : સેંકડો વખત કહી ચૂક્યા પછી પણ એક જ વાત કહેવાનું મન વારંવાર થાય છે કે આપણે જ્ઞાનના ક્ષેત્રમાં ધ્યાન નહીં આપીએ તો જૈનોના અંધકારમય ભવિષ્યની આગાહી કરવા માટે જ્યોતિષના અભ્યાસની જરૂર નહીં પડે!*

*જૈન ઈતિહાસ, ધર્મ, દર્શન, તત્ત્વ વગેરે પાયાની બાબતોનું આજના જૈનોનું જ્ઞાન ઘણું કાચું છે. આ ખામી દૂર કરવાના ઉપાયો જરૂરી છે.*

# ‘જૈન ઈતિહાસના તેજસ્વી તારલા’ પ્રશ્નપત્રના સાચા જવાબો

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | [A] | 35 | [B] | 68 | [B] |
| 2 | [A] | 36 | [A] | 69 | [A] |
| 3 | [A] | 37 | [B] | 70 * | [C] |
| 4 | [B] | 38 | [C] | 71 | [C] |
| 5 | [B] | 39 | [A] | 72 | [B] |
| 6 | [B] | 40 | [B] | 73 | [A] |
| 7 | [C] | 41 | [A] | 74 | [B] |
| 8 | [B] | 42 | [A] | 75 | [B] |
| 9 | [A] | 43 | [A] | 76 | [A] |
| 10 | [B] | 44 | [C] | 77 | [B] |
| 11 | [A] | 45 | [C] | 78 | [C] |
| 12 | [C] | 46 | [B] | 79 | [A] |
| 13 | [B] | 47 | [A] | 80 | [B] |
| 14 | [C] | 48 | [C] | 81 | [A] |
| 15 | [A] | 49 | [A] | 82 | [C] |
| 16 | [C] | 50 | [B] | 83 | [A] |
| 17 | [A] | 51 | [A] | 84 | [C] |
| 18 | [B] | 52 | [A] | 85 | [A] |
| 19 | [C] | 53 | [C] | 86 | [C] |
| 20 | [B] | 54 | [C] | 87 | [B] |
| 21 | [A] | 55 | [A] | 88 | [B] |
| 22 | [A] | 56 | [C] | 89 | [C] |
| 23 | [B] | 57 | [A] | 90 | [A] |
| 24 | [A] | 58 | [B] | 91 | [B] |
| 25 | [B] | 59 | [C] | 92 | [A] |
| 26 | [C] | 60 | [A] | 93 | [A] |
| 27 | [B] | 61 | [C] | 94 | [B] |
| 28 | [A] | 62 | [C] | 95 | [A] |
| 29 | [A] | 63 | [A] | 96 | [A] |
| 30 | [B] | 64 | [C] | 97 | [C] |
| 31 | [A] | 65 | [A] | 98 | [A] |
| 32 | [A] | 66 | [C] | 99 | [A] |
| 33 | [C] | 67 | [A] | 100 | [A] |
| 34 | [A] | | | | |

*** નોંધ :** સિત્તેરમા સવાલના જવાબમાં [A] વિકલ્પ પણ માન્ય રાખવામાં આવેલ છે. આ અંગે જુઓ આ સાથે આપેલું સ્પષ્ટીકરણ.

## શેઠ મોતીશા અંગે થોડી સ્પષ્ટતા

જય જિનેન્દ્ર દ્વારા લેવાયેલી ધાર્મિક પરીક્ષા ‘જૈન ઈતિહાસના તેજસ્વી તારલા’માં એક પ્રશ્ન (ક્રમાંક ૭૦) શેઠ મોતીશા અંગે હતો. પ્રશ્નમાં તેમનું ગામ પૂછવામાં આવ્યું હતું અને તેના વિકલ્પો તરીકે ખંભાત, પાટણ, સુરત અને અમદાવાદનાં નામો આપવામાં આવ્યાં હતાં. અમે પ્રશ્નપત્ર રિલિઝ કર્યું ત્યારે અમારી સામે જે વિપુલ સાહિત્ય હતું તેમાં મોતીશાનો ઉલ્લેખ સુરતવાસી તરીકે જ હતો. પરંતુ પ્રશ્નપત્ર રિલિઝ થયા પછી અમારી સામે એક પ્રશ્ન ઉપસ્થિત થયો કે મોતીશાનું અસલી વતન કયું? સુરત કે ખંભાત? આમ થવાનું કારણ એ હતું કે તેમને ખંભાતવાસી દર્શાવતો ઉલ્લેખ પણ અમુક પ્રામાણિક પુસ્તકમાં મળી આવ્યો છે. અહીં આ વિષયની શુષ્ક ઐતિહાસિક સમીક્ષા કરવાનો અવસર નથી. પરંતુ પરીક્ષા આપનાર પુણ્યવાન આ વિષયથી અજાણ હોય એ સ્વાભાવિક છે અને એણે પરીક્ષામાં સફળ થવા માટે જે જહેમત ઉઠાવી હોય તેની કદર કરવી એ અમારૂં કર્તવ્ય બની જાય છે. આથી અમે સૌ સંચાલકોએ એવો માર્ગ કાઢ્યો કે આ પરીક્ષાના સિત્તેરમા પ્રશ્નના ઉત્તર તરીકે જેણે સુરત જણાવ્યું હોય તે પણ માન્ય રાખવું અને જેણે ખંભાત જણાવ્યું હોય તે પણ માન્ય રાખવું. આમ સિત્તેરમા પ્રશ્ન અંગે આટલી સ્પષ્ટતા પરીક્ષાર્થીઓ ધ્યાનમાં લેશે અને એ રીતે જ પોતાના જવાબોની મેળવણી કરશે તેવી નમ્ર વિનંતી.

# અફસોસ, અમારી મનની મનમાં રહી ગઈ!

## *સોમાંથી સો માર્ક્સ કોઈ ન લાવી શકતાં*
## *સમ્મેતશિખરજીની યાત્રાનું બંપર ઈનામ કોઈને ન મળ્યું*



ફરી એક વાર અમને નિરાશા થઈ. સમગ્ર શાસન ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યું હતું કે એ પુણ્યવાન કોણ છે જે 'જૈન ઇતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષામાં સોએ સો ટકા માર્કસ લાવીને સમ્મેતશિખરજીની યાત્રા કરવા સદ્ભાગી બને છે.

સોએ સો ટકા ઉત્તીર્ણ થઈ શકાય તે માટે આ વખતે પરીક્ષાર્થીઓ માટે નિયમો સરળ કરાયા હતા. એક ખોટા જવાબની સામે સાચા જવાબોમાંથી પણ એક માર્ક કપાય એ ઓપન બુક એક્ઝામનો સર્વમાન્ય નિયમ આ વખતે જતો કરવામાં આવ્યો હતો. એમ કરીને પણ જો કોઈ સો ટકા રિઝલ્ટ લાવતું હોય તો આનંદ આનંદ થઈ જાય! ઉપરાંત આ પહેલાંની પરીક્ષા કરતાં વધારે લાંબો સમય આપવામાં આવ્યો હતો. ગઈ પરીક્ષામાં અમે લગભગ સવા મહિનાનો સમય આપ્યો હતો. આ વખતે એ સમયગાળો બે મહિનાનો રાખવામાં આવ્યો હતો. આમ છતાં આ વખતની પરીક્ષામાં પણ સો ટકા રિઝલ્ટ કોઈ લાવી શક્યું નહીં એ હકીકત તો સ્વીકારવી જ રહી.

ખરૂં કહીએ તો અમારી મનની મનમાં જ રહી ગઈ! નો પ્રોબ્લેમ, અમને પેલી કરોળીયાવાળી વાર્તામાં પૂરી શ્રદ્ધા છે. આજે નહીં તો કાલે કોઈક તો સો ટકા સફળતાને વરશે જ!

એક કરોળીયો વારંવાર દિવાલે ચડતો અને પાછો પડી જતો. વળી પાછો ચડે અને વળી પાછો પડી જાય! પણ વારંવાર પડી જવા છતાં તેણે પ્રયત્ન કરવાનું માંડી ન વાળ્યું. અને આખરે એને સિદ્ધિ મળી જ ગઈ! એ દિવાલ ઉપર ચડી જવામાં સફળ થઈ ગયો.

ના, એણે એકે બહાનું ન કાઢ્યું : *દિવાલ બહુ લીસી હતી, દિવાલ બહુ મોટી હતી, દિવાલ ઉપર ચડવા માટે ક્યાંય પગથિયાં જ નહોતાં!* ના, કોઈ બહાનું નહીં. ચડવાનું એટલે ચડવાનું. સફળતા મેળવીને જ જંપવાનું.

અમારા વહાલા અને વિચક્ષણ પરીક્ષાર્થીઓ *પ્રશ્નપત્ર બહુ અઘરૂં હતું* એમ કહીને પાણીમાં બેસી જાય તે કેમ ચાલે? આપણો મોક્ષમાર્ગ તો આ પ્રશ્નપત્ર કરતાં કેટલો બધો અઘરો છે? ઉપસર્ગો, પરીષહો, કષ્ટો, મુશ્કેલીઓ વગેરે વગેરે કેટલું બધું વેઠવું પડે? એની સામે તો આ પ્રશ્નપત્ર કંઈ હિસાબમાં નથી!

મન દઈને પાછળ પડી જવાય તો કોઈ પરીક્ષા ખરેખર અઘરી નથી હોતી.

આપણા પૂર્વજો કહી ગયા છે : *સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.* ટૂંકમાં, પ્રયત્નથી કંઈ જ અસંભવ નથી.

**માર્કસ અને ઈનામો અંગે મહત્ત્વની સૂચના : જુઓ પાના નં. ૧૧ અને પાના નં. ૧૬.**

# હાર્દિક અભિનંદન

## આ છે જય જિનેન્દ્ર દ્વારા યોજાયેલી 'જૈન ઇતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષાના સફળ તારલાઓ

## *પહેલું ઇનામ : સમ્મેતશિખરજીની યાત્રા*

## *(બંપર ઇનામ)*

૧૦૦ માર્ક્સ લાવનાર કોઈ ન હોવાથી આ ઇનામ કોઈને આપી શકાયું નથી. સો ટકા માર્ક્સ લાવનારને સમ્મેતશિખરજીની યાત્રા કરાવવાની અમારી ભાવના પૂરી થઈ શકી નથી.

## *બીજું ઇનામ : મહાપ્રભાવિક શ્રી લક્ષ્મીધારા યંત્ર*

## (અગિયાર ઇનામો)

## હાઈએસ્ટ ૯૮ માર્ક્સ લાવીને સૌથી આગળ રહેનારા

## *આ છે પ્રથમ નંબરના તેજસ્વી તારલા!*

| | | | |
|---|---|---|---|
| ૧. | પૂ. સા. શ્રી હર્ષોદયાશ્રીજી મ. | વિવેક ફ્લેટ, પાલડી | અમદાવાદ |
| ૨. | પૂ. સા. શ્રી વિનયરત્નાશ્રીજી મ. | ઉત્તમનગર સો. વાસણા | અમદાવાદ |
| ૩. | પૂ. સા. શ્રી વિરતિમાલાશ્રીજી મ. | ગિરિવિહાર | પાલીતાણા |
| ૪. | પૂ. સા. શ્રી વૈરોટ્યાશ્રીજી મ. | દાદાસાહેબ, કાળાનાળા | ભાવનગર |
| ૫. | પૂ. સા. શ્રી વિમલેશ્વરાશ્રીજી મ. | દાદાસાહેબ, કાળાનાળા | ભાવનગર |
| ૬. | પૂ. સા. શ્રી ઉપશમમાલાશ્રીજી મ. | ગિરિવિહાર | પાલીતાણા |
| ૭. | શૈલા નિખિલભાઈ શેઠ | દશા પોરવાડ, પાલડી | અમદાવાદ |
| ૮. | નિયતિ ચારુચંદ્ર શાહ | સ્વીસ એવેન્યૂ, નહેરુનગર | અમદાવાદ |
| ૯. | રિદ્ધિ પ્રતીકકુમાર શાહ | સિદ્ધશિલા, વાસણા | અમદાવાદ |
| ૧૦. | વિદ્યાબેન મહેન્દ્રભાઈ શાહ | વિવેક ડુપ્લેક્સ, પાલડી | અમદાવાદ |
| ૧૧. | જયશ્રીબેન વિનીતકુમાર શાહ | સાંઈકૃપા, વાસણા | અમદાવાદ |

**નોંધ :** મહત્તમ ૯૮ માર્ક્સ મેળવનારા પુણ્યવાનોની સંખ્યા વધવાથી અમે બીજા ઇનામની સંખ્યા દસના બદલે અગિયારની કરી છે. આ રીતે અમે એક ઇનામ વધાર્યું છે. એ જ રીતે બીજા નંબરે ઉત્તીર્ણ થનારા ૫૪ પુણ્યવાનો હોવાથી ત્યાં પણ અમે ત્રણ ઇનામો વધારીને ૫૪ ઇનામો કર્યાં છે. આમાં અનુક્રમે ૯૭, ૯૬ અને ૯૫ માર્ક્સ મેળવનારાઓનો સમાવેશ થાય છે.

# બીજા નંબરે ઉત્તીર્ણ થનારા તેજસ્વી તારલા

# ત્રીજું ઈનામ : સ્ફટિક રત્નની નવકારવાળી

## (૫૪ ઇનામો)

**● ૯૭ માર્કસ ●**

પૂ. સાધ્વી શ્રી સુજ્ઞપ્રાશ્રીજી મહારાજશ્રી, સાબરમતી, અમદાવાદ ● પૂ. સાધ્વી શ્રી સુકુમાલિકાશ્રીજી મહારાજશ્રી, સાબરમતી, અમદાવાદ ● કલ્પિત કીર્તિકુમાર શાહ, કાપડબજાર, સાણંદ ● જોલીબેન કલ્પેશકુમાર શાહ, વાસણા, અમદાવાદ ● પ્રજ્ઞાબેન વિજયભાઈ શાહ, સાબરમતી, અમદાવાદ ● રસીલાબેન હર્ષદભાઈ શાહ, વિરમગામ ● દર્શનીબેન વિજય શાહ, સાબરમતી, અમદાવાદ ● મમતાબેન હર્ષદભાઈ શાહ, વાસણા, અમદાવાદ ● વસુમતીબેન હસમુખલાલ શેઠ, ગાંધીરોડ, અમદાવાદ ● કોકિલાબેન ભરતભાઈ શાહ, ગાંધીરોડ, અમદાવાદ ● હતીશકુમાર ડી. શાહ, વાસણા, અમદાવાદ ● નયનાબેન વિક્રમભાઈ શાહ, પાલડી, અમદાવાદ ● બીનાબેન સુરેશભાઈ સંઘવી, વાસણા, અમદાવાદ ● જિગરભાઈ જયંતીલાલ શાહ, પાલડી, અમદાવાદ ● સિદ્ધિ શીતલકાન્ત શાહ, કાંકરીયા, અમદાવાદ ●

**● ૯૬ માર્કસ ●**

પૂ. મુનિરાજ શ્રી અજિતચન્દ્રજી મહારાજશ્રી, પાટણ ● પૂ. સાધ્વી શ્રી વિનયજ્ઞાશ્રીજી મહારાજશ્રી, પાલડી, અમદાવાદ ● પૂ. સાધ્વી શ્રી રાજરત્નાશ્રીજી મહારાજશ્રી, પાલડી, અમદાવાદ ● મીનાક્ષી હેમેન્દ્રભાઈ મોદી, ગાંધીરોડ, અમદાવાદ ● ગિરીશ કાન્તિલાલ શાહ, સાબરમતી, અમદાવાદ ● અલકાબેન નીતીનભાઈ શાહ, વાસણા, અમદાવાદ ● ખુશ્બુ ગૌરાંગભાઈ શાહ, વાસણા, અમદાવાદ ● જ્યોત્સ્નાબેન કૌશિકભાઈ શાહ, પાલડી, અમદાવાદ ● રાગિણી જયવદન શાહ, પાલડી, અમદાવાદ ● લતાબેન કિરીટકુમાર શાહ, પાલડી, અમદાવાદ ● જયાબેન રવીન્દ્રભાઈ શાહ, પાલડી, અમદાવાદ ● જોલીબેન પીયૂષકુમાર સાંડેસરા, નવા વાડજ, અમદાવાદ ● જાગૃતિબેન ઉદયનભાઈ શાહ, નિકોલ રોડ, અમદાવાદ ● કીર્તિકુમાર જમનાદાસ શાહ, કાપડબજાર, સાણંદ ● મીનાબેન કીર્તિકુમાર શાહ, કાપડબજાર, સાણંદ ● દીપ્તિ વૈભવ શાહ, દાદર, મુંબઈ ● ચંદુલાલ રમણલાલ શાહ, વાસણા, અમદાવાદ ● અપેક્ષા મોક્ષાંક દોશી, બાપુનગર, અમદાવાદ ● નીરવ બાબુલાલ શાહ, સી. પી. ટેન્ક, મુંબઈ ● પૂજાબેન એસ. શાહ, આંબાવાડી, અમદાવાદ ● અરવિંદાબેન ચીમનલાલ દલાલ, ગોરેગાંવ, મુંબઈ ● બબીતા આર. શાહ, જીવરાજ પાર્ક, અમદાવાદ ● અજવાળીબેન મોરારજીભાઈ ગાંધી, નવરંગપુરા, અમદાવાદ ●

**● ૯૫ માર્કસ ●**

પૂ. સાધ્વી શ્રી અર્હતસેનાશ્રીજી મહારાજશ્રી, પાલડી, અમદાવાદ ● પૂ. સાધ્વી શ્રી કલ્પજ્ઞાશ્રીજી મહારાજશ્રી, સાબરમતી, અમદાવાદ ● ધારિણીબેન નિકેશકુમાર શાહ, રાયપુર, અમદાવાદ ● સુબોધચંદ્ર મોતીલાલ શાહ, રાયપુર, અમદાવાદ ● પૂર્ણિમાબેન ભદ્રેશભાઈ શાહ, રાયપુર, અમદાવાદ ● ડૉ. જ્યોત્સ્નાબેન હિંમતલાલ શાહ, સાબરમતી, અમદાવાદ ● મોહિનીબેન આનંદકુમાર કોઠારી, સાબરમતી, અમદાવાદ ● દેવિકાબેન ગિરીશભાઈ શાહ, સાબરમતી, અમદાવાદ ● ઉમંગ વીરેન્દ્રકુમાર શાહ, પાલડી, અમદાવાદ ● દીપ્તિબેન સુરેશભાઈ મહેતા, પાલડી, અમદાવાદ ● કેતકીબેન સુરેશભાઈ મહેતા, પાલડી, અમદાવાદ ● કલ્પનાબેન મહેન્દ્રકુમાર શાહ, પાલડી, અમદાવાદ ● હંસાબેન જવાહરભાઈ શાહ, સેટેલાઇટ, અમદાવાદ ● વૈશાલીબેન પ્રમોદભાઈ શાહ, સેટેલાઇટ, અમદાવાદ ● અંકિતાબેન કીર્તિકુમાર શાહ, કાપડબજાર, સાણંદ ● અરુણાબેન કાંતિલાલ શેઠ, બોરીવલી, મુંબઈ ●

# જય જિનેન્દ્ર
# પાઠશાળા

*પ્રિય બાળદોસ્તો,*

*અમે અહીં તમારી માટે એક સ્પર્ધાનું આયોજન કર્યું હતું જેમાં બાળદોસ્તોએ ભગવાન મહાવીરને ઉદ્દેશીને પત્ર લખવાનો હતો. આના પ્રતિભાવ રૂપે અમને ઘણા બાળકો તરફથી પત્રો મળ્યા છે. અહીં અમે એક શ્રેષ્ઠ ઈનામી પત્ર પ્રકાશિત કરી રહ્યા છીએ. બાકીના પત્રો અમે અમારા આગામી અંકમાં પ્રકાશિત કરીશું.*

**'જત લખવાનું કે...'**
**આપણી પાઠશાળાના બાળકો માટેની પત્રસ્પર્ધાનું પરિણામ**

મારા વહાલા દાદા ભગવાન મહાવીર

ગામ ભરતક્ષેત્રથી લિ. તમારી નાની પોતરી જયણાના પાયલાગણ વાંચશો.

તમે ત્યાં મોક્ષમાં મજામાં હશો.

હું આજે પ્રથમવાર જ પત્ર લખી રહી છું. હે પ્રભુ, લખવામાં મારી કોઈ ભૂલ થાય તો મને માફ કરજો. જો કે મને ખબર છે કે તમે તો અમારા વહાલા વહાલા વીતરાગ દાદા છો એટલે માફ ન કરવાનો તો તમારી માટે પ્રશ્ન જ ઊભો થતો નથી. પેલા ગોવાળે તમારા પગમાં ખીર રાંધી તોય તમે તેને કેવો માફ કરી દીધો હતો? અરે, તમારા કાનમાં ખીલા ઠોકી દેનારને પણ તમે પ્રેમથી માફ કર્યો હતો. સંગમ દેવ તમને ઉપસર્ગો કરીને કંટાળીને નિરાશ થઈને પાછો જતો હતો ત્યારે પણ તમે તમારી આંખોમાંથી કરુણા વહાવી હતી. તો મારા પત્રમાં કોઈ ભૂલ થાય તો તમે તમારા મન ઉપર નહીં લો એવી મને ખાતરી છે.

અહીં હું, સમતા, ભાવના, દયા, સત્ય, સિદ્ધાંત, પૂજા, ભક્તિ વગેરે તમારા પોતરા પોતરીઓ તમને દરરોજ યાદ કરીને બહુ જ રડીએ છીએ. અમે અહીં વડીલોને કહીએ છીએ કે એક વાર અમને મહાવીર દાદા પાસે લઈ જાઓને, તો તે બધા દર વખતે કંઈને કંઈ બહાનાં કાઢે છે. અમે બહુ જીદ કરીએ તો કહે છે કે દાદાના ઘરે તાળું મારેલું છે. દાદા, તમે તો કહેતા હતા ને કે હું મોક્ષે ગયા પછી ક્યાંય જવા-આવવાનો નથી. તો પછી અહીં બધા અમને આવું કેમ કહે છે?

તમે અહીં હતા ત્યારે અમને કેવી સરસ રીતે રાખતા હતા એ બધું બહુ યાદ આવે છે. અત્યારે અહીં અમને બધા બહુ હેરાન કરે છે પણ અમે નાનાં હોવાથી કશું કરી શકતાં નથી. તમારી ગેરહાજરીમાં અમારી હાલત બહુ ખરાબ થઈ ગઈ છે. અમને બધા દરરોજ વિના કારણે વઢ્યા કરે છે. ક્યારેક તો મારે પણ છે. એક વાર આપણો નાનકો સત્ય કંઈક સાચું બોલ્યો એમાં તો બધાએ ભેગા થઈને તેને લાકડીએ ને લાકડીએ મારવા લીધો. એ બિચારો એકલો શું કરે? છેવટે સમતાદીદીએ સત્યને છાનો રાખ્યો ત્યારે એ માંડ માંડ રડતો બંધ થયો. એણે તો બસ એક જ રઢ લીધી હતી કે *'દાદા કહી ગયા છે કે અસત્યને આપણા ઘરમાં ફરકવા દેશો નહીં, તો એને દરરોજ આપણા ઘરમાં કેમ આવવા દો છો?'* એક વાર આવું કીધું એમાં તો બધા એ બિચારા ઉપર તૂટી પડ્યા. અરે એક વાર તો અસત્ય પોતાના બધા દોસ્તોને સાથે લઈને આવ્યો હતો અને આપણા ઘરમાં જેમ ફાવે તેમ વર્તન કરતો હતો. એના દોસ્તો તો સાવ કેવા ખરાબ છે. દાદા, તમે કહ્યું હતું ને કે મારા ગયા પછી અસત્ય અને એના મવાલી દોસ્તો સાથે કોઈએ વહેવાર

રાખવો નહીં. તો પણ અહીં બધા એને જ માનપાન આપે છે. અમે ટેણિયાંઓ તમારો પક્ષ લઈને કંઈ બોલીએ છીએ તો અમને બધા ઢીબી નાખે છે.

હે મહાવીર દાદા, તમારા અહીંથી ચાલી ગયા પછી અમારા બધાંની હાલત બહુ કફોડી થઈ ગઈ છે. *'મારા ચાલ્યા ગયા પછી બધું બરોબર ચાલશે'* એમ માનીને તમે તો બધી વ્યવસ્થા કરીને જતા રહ્યા પણ એ બધી વ્યવસ્થા પડી ભાંગી છે. તમે જેમના ભરોસે આપણો શાસન નામનો મોટો રાજમહેલ જેવો બંગલો સોંપીને ગયા હતા તે બધા બહુ બેદરકાર થઈ જવાથી અત્યારે એકદમ અવાવરૂ જેવો બની ગયો છે. બંગલાના દરેક રૂમમાં બાવા-જાળાં બાઝી ગયાં છે. કચરા-પોતાંના તો ઠેકાણાં જ રહ્યાં નથી. આખા બંગલાનો હવાલો પ્રમાદ નામના ચોકીદારે લઈ લીધો છે. અમને બરોબર યાદ છે કે તમે આ બદમાશ ચોકીદારને બરોબરનો ધમકાવીને કાઢી મૂક્યો હતો અને એના બદલે જાગૃતિદીદીને બંગલાની દેખરેખનું કામ સોંપ્યું હતું. થોડો વખત તો બધું બરોબર ચાલ્યું, પણ પછી પેલા પ્રમાદિયાએ બધાને અષ્ટમ પષ્ટમ સમજાવીને આખો બંગલો પોતાના હવાલે લઈ લીધો છે. એ મવાલી જાગુ દીદીને બંગલામાં આવવા દેતો જ નથી. જો ગમે તેમ કરીને દીદી આવી જ જાય તો તેની પાછળ એ ક્રોધ નામના કૂતરાને દોડાવીને એને કરડાવે છે. દાદા, તમે એક વાર અમને કહ્યું હતું ને કે આપણાથી કૂતરા ના પળાય. એ વાત અમે ખાલી યાદ દેવડાવી એમાં તો આપણા બંગલામાં મોટું રમખાણ મચી ગયું. પેલી લુચ્ચી માયાડીએ કંઈક એવું કારસ્તાન કર્યું કે બધાએ અમને બધાંને બહાર તગેડી મૂક્યાં. તમે અમને બધાંને બંગલો વીલ કરીને આપી ગયા એમાં તમે ચોખ્ખું લખ્યું હતું કે આમાં મારાં બધાં દીકરા, દીકરી, પોતરા, પોતરીઓનો એક સરખો હક્ક રહેશે. તમે વીલમાં આવું ચોખ્ખે ચોખ્ખું લખ્યું હોવા છતાં એ લોકો અમને બંગલાના અમુક અમુક રૂમમાં પેસવા દેતા નથી. કારણ કે અમને ખબર છે કે એ રૂમોમાં કેવાં કેવાં ન કરવાનાં કામો થાય છે. એ લોકોને ખબર છે કે આ ટેણિયાઓ જોઈ જશે તો દાદાને કહ્યા વિના રહેવાના નથી. પેલો લોભશંકર બધાને કંઈને કંઈ લાલચો આપ્યા કરે છે એમાં એ લોકો તેના દિવાના બની ગયા છે.

હે ભગવાન, મારે તમને ઘણી ઘણી ફરિયાદો કરવી છે પણ સૌથી મોટી ફરિયાદ તો એ છે કે તમે એક વાર કહ્યું હતું કે *'આપણા ઘરમાં કંઈ તકલીફ થાય તો સૂરિપ્રભુને કહેજો, મેં એમને બધી વ્યવસ્થા સમજાવી દીધી છે અને એ બધું બરોબર કરી આપશે.'* આથી એક વાર સૂરિપ્રભુને જઈને બધી વાત કરી તો એમણે પણ મને મારવા લીધી. પછી મેં તેમને રડતાં

પત્ર લેખક :
**તરુણ એસ. બાફના**
**અમદાવાદ**

# ઈનામને પાત્ર ઠરેલા પરીક્ષાર્થીઓ ખાસ ધ્યાન આપશો

પહેલો અને બીજો નંબર લાવનારા પરીક્ષાર્થીઓ કે જેમનાં નામો આ અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે તેમને તેમનાં ઈનામો ઘર બેઠાં પહોંચતાં કરવામાં આવશે. આ ઈનામો તા. ૧૫ ઑગસ્ટ પછી રવાના કરવામાં આવશે. ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ઈનામ ન મળે તો **તે પછી જ** કાર્યાલયને પોતાના પેપર નંબર સહિત જાણ કરવી.

રડતાં કહ્યું કે હું મહાવીર દાદાને આ બધું કહી દઈશ. તો સૂરિપ્રભુ જોર જોરથી હસવા લાગ્યા. હેં દાદા, તેઓ એવું કેમ કરતા હતા?

તમારા ખાસ માનીતા અને વિશ્વાસુ એવા સૂરિપ્રભુ પણ હવે આ બધાંની પંગતમાં બેસી ગયા છે અને એમની ઉપર પણ મવાલીઓએ પોતાનો કબજો જમાવી દીધો છે. અમારે કોઈને કહેવાની જગ્યા ન રહેવાથી ના છુટકે તમને પત્ર લખ્યો છે. અમને ખબર તો છે કે અમારે તમને હેરાન ન જ કરાય, પણ શું થાય. આ સિદ્ધાંત, આગમ વગેરેએ રઢ લીધી કે એક વાર આપણા દાદાને તો આ બધું લખીને જણાવ તો ખરી. એટલે તમારા કાને આટલી વાત નાખી છે. અમે તમને કાગળ લખ્યો છે એવું અહીં કોઈને જણાવતા નહીં, કેમ કે નહીં તો એ લોકો અમને વધારે હેરાન કરશે. પછી અહીં અમારૂં નાનાં ટાબરિયાઓનું કોણ?

મુક્તિમાસીને અમારી ખાસ ખાસ યાદી આપશો. આપણો બંગલો ફરી રહેવા લાયક બને એવું કંઈક જરૂર કરશો.

લિ. તમારી લાડકી પોતરી જયણાના પાયલાગણ વાંચશો.

## મેં મારૂં વેકેશન કેવી રીતે મનાવ્યું?

*જય જિનેન્દ્ર*માં આપે પૂછ્યું હતું તેના જવાબમાં લખવાનું કે આ વખતે વેકેશનમાં અમે પાલીતાણાની જાતરા કરવા ગયા હતા. મારા મમ્મીને પાલીતાણા, શંખેશ્વર, મહુડી, જૂનાગઢ વગેરે તીર્થોની જાતરા કરવી બહુ ગમે છે. અમને પણ તેણે વેકેશનમાં જ્યાં ત્યાં જઈને પ્રવાસના નામે પાપો કરવાના બદલે તીર્થસ્થળોની જાતરા કરવાના સંસ્કાર આપ્યા છે. ગયા વેકેશનમાં અમે શંખેશ્વર ગયા હતા. આ વખતે પાલીતાણા ગયા હતા. ત્યાં મને બહુ મજા આવી. ત્યાંથી અમે તળાજા પણ ગયા હતા. પાલીતાણામાં અમે મહારાજ સાહેબને વહોરાવ્યું હતું.

જાતરા કરીને પાછા આવ્યા પછી વેકેશનના બાકીના સમયમાં મેં કોમ્પ્યુટરનો કોર્સ કર્યો હતો. હવે મને વિન્ડોઝની એપ્લિકેશનો વાપરતાં આવડી ગઈ છે. મને પાવર પોઈન્ટ બહુ જ ગમે છે. તેમાં મેં થોડી સ્લાઇડો પણ તૈયાર કરી છે. આ રીતે મેં મારૂં વેકેશન જાતરામાં તથા કોમ્પ્યુટરના અભ્યાસમાં વીતાવ્યું હતું.

**– કુમાર પી. શાહ, વાસણા, અમદાવાદ**

આ વખતના ઊનાળુ વેકેશનમાં મેં મુંબઈનો પ્રવાસ કર્યો. ત્યાં મારા મામા રહે છે. અમે દર વરસે મુંબઈ જઈએ છીએ. મારા મામાના ઘરે એક મહારાજ સાહેબ દરરોજ આવતા હતા. તેમણે મને દિવાળીમાં ફટાકડા ફોડવાની ના પાડી. મેં એમના કહેવાથી બાધા લીધી છે. જો હું બાધા બરોબર પાળીશ તો મારા પપ્પાએ મને નવી સાઇકલ અપાવવાનું પ્રોમિસ આપ્યું છે.

**– વીરમ નયનભાઈ શાહ, ઓઢવ, અમદાવાદ**

### *જય જિનેન્દ્ર* સ્વાધ્યાય સ્પર્ધા - ૫ નો ઉકેલ

૧. આચાર્ય / ૨. અનંતનાથ / ૩. અઘાતીકર્મ / ૪. અહમિન્દ્ર / ૫. અણુવ્રત / ૬. અભ્યાખ્યાન / ૭. અભયદેવસૂરિ / ૮. અશોક / ૯. અરિષ્ટનેમિ / ૧૦. અવધિજ્ઞાન / ૧૧. અનેકાન્તવાદ / ૧૨. અનુપ્રેક્ષા / ૧૩. આનંદઘન / ૧૪. અટ્ઠાઈ / ૧૫. અજિતશાંતિ / ૧૬. આગાર / ૧૭. અણગાર / ૧૮. અરનાથ / ૧૯. આશ્રવ / ૨૦. અપાપા / ૨૧. અભયકુમાર / ૨૨. અષ્ટાપદ / ૨૩. અરિહંત / ૨૪. અભવ્ય / ૨૫. અજીવ / ૨૬. અદત્તાદાન / ૨૭. અભિનંદનસ્વામી / ૨૮. અજિતનાથ / ૨૯. આદિનાથ / ૩૦. આરાધક.

■ ■ ■

*જય જિનેન્દ્ર* 'સ્વાધ્યાય સ્પર્ધા - ૫'ના વિજેતા :
અપૂર્વભાઈ સી. શાહ (બાપુનગર, અમદાવાદ)
તેમને ઈનામ રવાના કરાઈ રહ્યું છે.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૭

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

## પાછલા પાને દર્શાવેલી ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૧.૮.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઇનામોની જાહેરાત ઑક્ટોબર, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૭ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

**● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .**

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

નામ ______________________________

સરનામું ______________________________

______________________________

ગામ ______________ પિનકોડ નંબર ______________

જિલ્લો ______________ ફોન નંબર ______________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ______________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

**જય જિનેન્દ્રમાં આવતી વિવિધ પ્રકારની ઇનામી સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છતા હો તો આજે જ આપ વાર્ષિક સો રૂપિયા લવાજમ ભરીને મેમ્બર બની જાઓ**

**JAY JINENDRAના નામે ચેક ડ્રાફ્ટ કે એમ. ઓ. આ સરનામે મોકલી શકાય છે. બહારગામના ચેકો સ્વીકારવામાં આવતા નથી. જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૭

નિયમ ૧. : દરેક પ્રશ્નનો જવાબ 'ઉ' અથવા 'ઊ'થી શરૂ થતો હોવો જોઈએ ૨. : એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. : છેકછાકવાળા જવાબને ખોટો જવાબ ગણવામાં આવશે.

૧. પર્યુષણમાં તો 'આ'ની ધૂમ મચી જાય! ☐ ________
૨. પંચ પરમેષ્ઠિમાં આમનો પણ સમાવેશ થાય. ☐ ________
૩. સાધુઓ જેમ પરીષહ સહન કરે તેમ 'આ' પણ સહન કરે. ☐ ________
૪. લાખ લાખ વંદન હો કુવલયમાલાના એ ગ્રંથકારને! ☐ ________
૫. પ્રાચીન ગુજરાતના એક ખ્યાતનામ મંત્રી. ☐ ________
૬. ભગવાન મહાવીરના એક પરમ ભક્ત રાજા ☐ ________
૭. શ્રાવક-શ્રાવિકાઓએ 'આ' તો કરવાં જ જોઈએ! ☐ ________
૮. તમે કોઈ મહાન તપ કરશો તો તેની ઉજવણી નિમિત્તે શું કરશો? ☐ ________
૯. અમદાવાદનું નામ પડે અને આ ફોઈ યાદ ન આવે એ કેમ બને? ☐ ________
૧૦. આઠમના સુપ્રસિદ્ધ સ્તવનમાં કયા આચાર્યનું નામ આવે છે? ☐ ________
૧૧. માણિભદ્ર યક્ષના આ પ્રાચીન સ્થાનકનો ઉદ્ધાર થઈ રહ્યો છે. ☐ ________
૧૨. જો આરાધના સાચી રીતે કરાય તો શું થઈ જાય? ☐ ________
૧૩. ભાવતાં ભોજનનાં થાળ સામે હોય ત્યારે 'આ' કરવું અઘરું પડે ! ☐ ________
૧૪. જ્ઞાનીજનો કરુણાભાવે, સ્વાર્થ વિના પણ 'આ' કરે છે! ☐ ________
૧૫. નવ સ્મરણના જાણકાર માટે આની જાણકારી એટલે રમત વાત. ☐ ________
૧૬. કર્મો ખપાવવાં હોય તો થોડો તો 'આ' કરવો જ પડે ને! ☐ ________
૧૭. વિનયગુણ માટે આ કાળના આ આચાર્ય પ્રખ્યાત થઈ ગયા! ☐ ________
૧૮. દીક્ષા કંઈ 'આ' ભરવા માટે નથી લેવાની હોતી! ☐ ________
૧૯. વિહાર કરીને આવતા સાધુ-સાધ્વીઓ આમાં ઉતરે. ☐ ________
૨૦. સિદ્ધર્ષિ ગણીને યાદ કરો તો મને યાદ ન કરો તે ન ચાલે! ☐ ________
૨૧. જૈનો દુનિયામાં શેની માટે પ્રખ્યાત છે? ☐ ________
૨૨. કેટલુંક શ્રુત કાલિક હોય જ્યારે કેટલુંક 'આ' હોય! ☐ ________
૨૩. તમે તપ કરશો તો કેવું પાણી વાપરશો? ☐ ________
૨૪. તીર્થંકરોના જન્મ કલ્યાણક સમયે જગતમાં શું થાય છે? ☐ ________
૨૫. ગોત્રકર્મની એક પ્રકૃતિનું નામ. ☐ ________
૨૬. કાઉસ્સગ્ગનો ભંગ ન થાય તે માટેનો એક આગાર. ☐ ________
૨૭. સમ્યક્ત્વના 'આ' પ્રકારની તમને ખબર છે? ☐ ________
૨૮. તમને અધોગતિમાં જવું ગમશે કે 'આ' ગતિમાં જવું ગમશે? ☐ ________
૨૯. 'આ' તીર્થભૂમિમાં ત્રણ કલ્યાણકો થયાં છે. ☐ ________
૩૦. અન્નત્થ સૂત્ર ચાલુ થતાં જ બીજો શબ્દ કયો આવે? ☐ ________

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન ( ૯ )

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~~

**પ્રભાવના**[૧]=ધર્મની વાહ વાહ થાય તેમ કરવું, કોઈને ધર્મની પ્રાપ્તિ થાય તેવું કાર્ય કરવું, લોકો ધર્મની પ્રશંસા કરે તેવી પ્રવૃત્તિ કરવી.

**પ્રભાવના**[૨]=દેરાસર, ઉપાશ્રય વગેરે ધર્મસ્થળોમાં ધાર્મિક કાર્યના બહુમાન અર્થે અપાતી એક પ્રકારની લહાણી.

**સમિતિ**=ચાલવામાં, બોલવામાં, લેવા-મૂકવામાં, ભોજનમાં, વસ્તુના વિસર્જન વગેરેમાં જીવહિંસા ન થાય તે રીતની રાખવામાં આવતી સાવધાની.

**મિથ્યાત્વ**=અવળી સમજણ, ખોટી બાબતોને સાચી અને સાચી બાબતોને ખોટી ઠરાવવાની મથામણ અને માન્યતા.

**સમ્યક્ત્વ**=જે વસ્તુ કે તત્ત્વ જે સ્વરૂપે હોય તે જ સ્વરૂપે તેનો સ્વીકાર કરવો તે.

**સંયમ**[૧]=સંસારવર્ધક પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ, મનની વાસનાઓ અને ઇન્દ્રિયો સાથે સંબંધિત હાનિકારક પ્રવૃત્તિઓનું નિયમન.

**સંયમ**[૨]=સંસારને કાયમ માટે તિલાંજલિ આપી દઈને મુનિજીવનનો સ્વીકાર કરવો.

**સંયમ**[૩]=નિયમના સ્વીકાર અથવા સંકલ્પ પૂર્વક અમુક શુભ અને આત્માને લાભકારક એવી પ્રવૃત્તિઓનું આચરણ.

**વિવેક**=સત્ય અને અસત્ય, કાર્ય અને અકાર્ય, સાર અને અસાર વગેરેનો નિર્ણય કરવાની આવડત.

**સામાયિક**[૧]=સમત્વભાવ, ગમે તેવી પરિસ્થિતિમાં સમતા જળવાઈ રહે તેવી માનસિક અવસ્થા.

**સામાયિક**[૨]=અડતાલીસ મિનિટ સુધી સાવદ્ય પ્રવૃત્તિઓના ત્યાગ પૂર્વક એક આસને બેસીને સ્થિરતા પૂર્વક કરાતી એક ધાર્મિક ક્રિયા.

**સાવદ્ય**=પાપમય, પાપપોષક, હિંસા, આરંભ-સમારંભ વગેરેને લાગતું વળગતું આચરણ.

**પૌષધ**[૧]=ધર્મનું પોષણ કરનારી પ્રવૃત્તિ.

**પૌષધ**[૨]=સામાયિક સહિત અમુક નિશ્ચિત અવધિ માટે કરાતી એક ધાર્મિક ક્રિયા.

**પોષધ**=ઉપર જણાવેલ પૌષધ પોષધ પણ કહેવાય છે.

**સ્પષ્ટીકરણ :** પૌષધ એ સાધુજીવનના અભ્યાસ માટે છે. આમાં શરીરની આળપંપાળથી મુક્ત થવાનું હોય છે, ઉપરાંત, તેમાં ઉપવાસાદિ તપ કરવાનું હોય છે, સંસાર સંબંધી પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાનો હોય છે અને બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. પૌષધ દિવસના ચાર પ્રહર, રાત્રિના ચાર પ્રહર અથવા દિવસ-રાત્રિના આઠ પ્રહર માટે કરાય છે.

મિથ્યાત્વ માટે એક સરસ ઉદાહરણ સમજવા જેવું છે. ઘોડો અને ગાય એ બન્ને પ્રાણીઓ સામે હોય એ વખતે કોઈ ગાયને ઘોડો અને ઘોડાને ગાય કહે તો તે મિથ્યાત્વ કહેવાય, ગાય કહો કે ઘોડો કહો બધું એકનું એક છે એમ કહીએ એ પણ મિથ્યાત્વ છે. ઘોડો પણ નથી અને ગાય પણ નથી એમ કહીએ તે પણ મિથ્યાત્વ થયું. ઘોડાને ઘોડો અને ગાયને ગાય કહીએ ત્યારે સમ્યક્ત્વ બને.

# જય જિનેન્દ્ર

'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષામાં ભાગ લેનારા પુણ્યવાનો ખાસ ધ્યાન આપશો કે આ અંક આપને મોકલ્યો છે તેમાં પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોના સાચા ઉત્તરો સામેલ છે (જુઓ પાના નં. ૬). પહેલો અને બીજો નંબર મેળવનારા પુણ્યવાનો તથા પૂજ્ય ગુરુ ભગવંતોનાં નામો પણ અમે ત્યાં જ આપી દીધાં છે (જુઓ પાના નં. ૮ અને ૯). ૯૫ માર્કસથી નીચે માર્કસ લાવનારા પુણ્યવાનો તથા પૂજ્ય સાધુ ભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજો તેમ જ પૂજ્ય મહાસતીજીઓ બહુ મોટી સંખ્યામાં હોવાથી તેમનાં નામો એક જ અંકમાં પ્રકાશિત કરવાં અમારી માટે શક્ય ન હોવાથી અમે મોકલેલ આ અંકના કવર ઉપર સરનામાની સાથે જ આપને મળેલા માર્કસની નોંધ મૂકી દેવામાં આવી છે. આથી કોણ કેટલા માર્કસ મેળવે છે તેની માહિતી ઘર બેઠાં મળી શકશે.

## પૂજ્ય ગુરુ ભગવંતોને વિશેષ વિનમ્ર વિનંતી

જય જિનેન્દ્રના સંચાલકોએ આ પરીક્ષામાં ભાગ લેનારા પૂજનીય ગુરુ ભગવંતોની વિશિષ્ટ ભક્તિ કરવાનું નક્કી કર્યું હોવાથી, આ પરીક્ષામાં ભાગ લેનારા પૂજ્ય સાધુ ભગવંતો, પૂજ્ય સાધ્વીજી મહારાજો તેમ જ પૂજ્ય મહાસતીજીઓને વિશેષરૂપથી વિનમ્ર વિનંતી છે કે તેઓશ્રી પોતાનું ચાતુર્માસિક સંપર્ક સૂત્ર પિનકોડ નંબર વગેરે સહિત વ્યવસ્થિત અને સત્વરે અમને મોકલાવે.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

નિંદાને ન ગણકારવાનો ઉપદેશ બહુ સારો છે, પરંતુ એ તો બીજાની નિંદા થતી હોય ત્યારે.

●

**સ્પંદન**

દેખે અજ્ઞાની બાહિર, અંતર દેખે જ્ઞાની;
જ્ઞાનીના પરિણામની, સાક્ષી કેવળજ્ઞાની.

*– શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ*

●

**ના હોય!**

**અસ્તકીર્તિ :** 'હું કંઈ વિદ્વાન, વિચારક, સિદ્ધહસ્ત લેખક કે કુશળ વહીવટકાર નથી.'

**શૈલુ :** 'પણ કોઈએ તારી ઉપર એવા હોવાનો આક્ષેપ ક્યાં મૂક્યો જ છે!'

### !! अहो कार्टुनम्



*"આ માથું ક્યાં ભાંગી લાવ્યા? ક્યાં ય કોમી દંગલમાં અટવાઈ પડ્યા તા કે શું?"*

*"ના બાપા ના, આ તો ચૂંટણી પછી પહેલી વાર પક્ષના કાર્યાલય ઉપર ગયો હતો ત્યાં મને બધાએ વિપક્ષનો કાર્યકર ધારી લીધો, એમાં આવું થયું."*



Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad